'મેટ્રો મેન' ઈ. શ્રીધરને પ્રથમ માનદ પીએચડી એનાયત

ગતિશક્તિ વિશ્વવિદ્યાલયના ચોથા પદવીદાન સમારોહમાં ૧૨૧ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત

ગોલ્ડ મેડલ, શ્રેષ્ઠ પ્રોજેક્ટ અને પ્લેસમેન્ટથી વિદ્યાર્થીઓની સિદ્ધિઓને બિરદાવાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

ભારતની પરિવહન અને લોજિસ્ટિક્સ ક્ષેત્રની પ્રથમ અને એકમાત્ર કેન્દ્રીય યુનિવર્સિટી ગતિશક્તિ વિશ્વવિદ્યાલય (GSV)નો ચોથો પદવીદાન સમારોહ શુક્રવારે વડોદરા ખાતે ભવ્ય રીતે યોજાયો હતો. સમારોહ દરમિયાન બીટેક અને એમબીએ અભ્યાસક્રમોના કુલ **121 વિદ્યાર્થીઓને ડિગ્રીઓ** એનાયત કરવામાં આવી હતી. આ વર્ષે પ્રથમ વખત મેટ્રો રેલ મેનેજમેન્ટ તેમજ લોજિસ્ટિક્સ એન્ડ સપ્લાય ચેઇન મેનેજમેન્ટમાં કાર્યરત પ્રોફેશનલ્સને એમબીએની ડિગ્રી પણ આપવામાં આવી હતી.

સમારોહમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પાંચ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, બીટેકના બે વિદ્યાર્થીઓને આઉટસ્ટેન્ડિંગ પ્રોજેક્ટ એવોર્ડ-2026 તથા એક વિદ્યાર્થીને બેસ્ટ ગ્રેજ્યુએટિંગ સ્ટુડન્ટ એવોર્ડ-2026**થી સન્માનિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે વીડિયો સંદેશ મારફતે ચાન્સેલર તરીકે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

સમારોહનું મુખ્ય આકર્ષણ ભારતના 'મેટ્રો મેન' ઈ. શ્રીધરનને પરિવહન અને માળખાકીય વિકાસ ક્ષેત્રે અસાધારણ યોગદાન બદલ ગતિશક્તિ વિશ્વવિદ્યાલયની પ્રથમ માનદ પીએચડી એનાયત કરવાનો રહ્યો હતો. સન્માન સ્વીકારતાં ઈ. શ્રીધરને આ સિદ્ધિનો શ્રેય પોતાની સમગ્ર ટીમને આપ્યો હતો અને વિદ્યાર્થીઓને સમયપાલન, પ્રામાણિકતા તથા મૂલ્યનિષ્ઠા સાથે કારકિર્દી ઘડવાની પ્રેરણા આપી હતી.

આ પ્રસંગે રાજમાતા શુભાંગિનીદેવી ગાયકવાડ, વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોષી, નાગરિક ઉડ્ડયન સચિવ સમીર કુમાર સિંહા તથા ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સના મેનેજિંગ ડિરેક્ટર સુકરણ સિંહ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. રાજમાતા શુભાંગિનીદેવીએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપવા સાથે પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ રહેવાનો સંદેશ આપ્યો હતો. 2022માં સંસદના અધિનિયમ હેઠળ સ્થાપિત ગતિશક્તિ વિશ્વવિદ્યાલય હાલમાં પરિવહનના વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ શિક્ષણ અને તાલીમ આપી રહી છે તથા અત્યાર સુધીમાં 2.4 લાખથી વધુ અધિકારીઓને તાલીમ આપી મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

વડોદરામાં ટોપર્સનું સન્માન, અનેક વિદ્યાર્થીઓએ મેળવેલી સફળતાને બિરદાવી

વડોદરાઃ એડટેક કંપની ફિઝિક્સવાલા (PW) દ્વારા NEET-UG 2026માં ઉત્કૃષ્ટ સફળતા મેળવનારા વિદ્યાર્થીઓનું વડોદરામાં સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના રવિકાંત દિવાકર (AIR 55), શિવાંશ આનંદ (AIR 152), દિવ્યાંશ જયસ્વાલ (AIR 173) અને સાક્ષી કુમારી (AIR 192) સહિત અનેક વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા રેન્કમાં સ્થાન મેળવ્યું છે. વડોદરાના ટોપર શ્લોક આનંદ પટેલ (AIR 681)ને પણ અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓએ પોતાની સફળતાનો શ્રેય PWની કોન્સેપ્ટ આધારિત શિક્ષણ પદ્ધતિ, ડેઈલી પ્રેક્ટિસ પેપર્સ, વીડિયો સોલ્યુશન્સ અને ડાઉટ રિઝોલ્યુશન સિસ્ટમને આપ્યો હતો. PWના સ્થાપક અને સીઈઓ અલખ પાંડેએ તમામ સફળ ઉમેદવારોને શુભેચ્છા પાઠવી હતી. સંસ્થા ઓનલાઈન, ઓફલાઈન અને હાઈબ્રિડ માધ્યમથી ગુણવત્તાયુક્ત શિક્ષણ, AI આધારિત રિવિઝન, મોક ટેસ્ટ અને 24x7 ડાઉટ સપોર્ટ જેવી સુવિધાઓ પૂરી પાડે છે.

અંડર-૧૪, અંડર-૧૭ અને અંડર-૧૯માં ૨૧ શાળાઓની ૩૫થી વધુ ટીમો જોડાઈ

નવરચના વિદ્યાની વિદ્યાલય ખાતે CBSE ક્લસ્ટર-13મી ખો-ખો ગર્લ્સ ટૂર્નામેન્ટનો પ્રારંભ

વિદ્યાર્થીનીઓએ રમત-ગમતની ભાવના સાથે આપ્યું ઉત્કૃષ્ટ પ્રદર્શન

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા નવરચના વિદ્યાની વિદ્યાલય, સમા ખાતે તા. 17 થી 19 જુલાઈ, 2026 દરમિયાન સીબીએસઈ ક્લસ્ટર-13મી ખો-ખો ગર્લ્સ ટૂર્નામેન્ટ-2026નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી આવેલી શાળાઓની ટીમોએ રમતગમતની ભાવના, શિસ્ત અને ખેલદિલી સાથે પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું.

આ ટૂર્નામેન્ટમાં અંડર-14, અંડર-17 અને અંડર-19 ગર્લ્સ એમ ત્રણ વય જૂથમાં સ્પર્ધાઓ યોજાઈ છે. કુલ 21 શાળાઓની 35થી વધુ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો છે. સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે વડોદરા મહાનગરપાલિકાના કમિશનર અરુણ મહેશ બાબુએ ઉપસ્થિત રહી સ્પર્ધાનું ઉદ્ઘાટન કર્યું હતું. વિશિષ્ટ અતિથિ તરીકે વડોદરાના ડી.ઈ.ઓ મહેશકુમાર પાંડે, ગુજરાત રાજ્ય એમેચ્યોર ખો-ખો એસોસિયેશનના સેક્રેટરી સંતોષ ગરુડ, સીબીએસઈ સ્પોર્ટ્સ કમિટીના સભ્ય ડો. અર્જુનસિંહ મકવાણા અને સીબીએસઈના ઓબ્ઝર્વર આશિષ ઝા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આયોજન અંગે નવરચના વિદ્યાની વિદ્યાલયના પ્રિન્સિપાલ ડો. અર્ચના મિશ્રાએ જણાવ્યું કે સીબીએસઈ દ્વારા રમતગમતને સર્વાંગી શિક્ષણનો અભિન્ન હિસ્સો માનવામાં આવે છે. આ ટૂર્નામેન્ટનો હેતુ વિદ્યાર્થીનીઓમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ, શારીરિક ક્ષમતા, આત્મવિશ્વાસ, નેતૃત્વ, ટીમવર્ક અને શિસ્તની ભાવના વધારવાનો છે. શાળા દ્વારા ખેલાડીઓ, ટીમ મેનેજરો અને મહેમાનો માટે રહેઠાણ, ભોજન, આરોગ્ય સેવા, સુરક્ષા અને પરિવહન સહિતની તમામ સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી હતી. આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપે વડોદરા શહેરની રમતગમત ક્ષેત્રે આગવી ઓળખને વધુ મજબૂત બનાવી છે.

પશ્ચિમ ઝોનને ડ્રેનેજ સમસ્યામાંથી કાયમી રાહત : લાઈનનું કામ પૂર્ણ

૨૫ હજારથી વધુ નાગરિકોને લાભ, ચોમાસામાં ઓવરફ્લો અને દૂષિત પાણીથી મળશે મુક્તિ

(પ્રતિનિધિ) વડોદરા

વડોદરા મહાનગરપાલિકાએ પશ્ચિમ ઝોનના રહીશો માટે વર્ષોથી ચાલી આવતી ડ્રેનેજ સમસ્યાનો કાયમી ઉકેલ લાવતા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નટુભાઈ સર્કલથી પશાભાઈ પાર્ક થઈ ચકલી સર્કલ સુધી નવી ડ્રેનેજ ગ્રેવીટી લાઈનનું નિર્માણ પૂર્ણ થતાં હવે ડ્રેનેજ ઓવરફ્લો અને દૂષિત પાણીની સમસ્યામાંથી હજારો નાગરિકોને રાહત મળશે.

આ વિસ્તારમાં 30 વર્ષથી વધુ જૂની અને જર્જરિત ડ્રેનેજ લાઈનના કારણે વારંવાર ભંગાણ સર્જાતાં ચોમાસા દરમિયાન ડ્રેનેજ ઓવરફ્લો અને વોટર કન્ટામિનેશનની ગંભીર સમસ્યા ઉભી થતી હતી. સમસ્યાના કાયમી નિવારણ માટે પાલિકાએ 600 મી.મી. વ્યાસ અને 770 મીટર લાંબી આધુનિક ડ્રેનેજ ગ્રેવીટી લાઈન મેન્યુઅલ પુશિંગ પદ્ધતિથી તૈયાર કરી છે. આ કામગીરી પૂર્ણ કરવા માટે એપ્રિલ-2027 સુધીનો સમય નક્કી કરાયો હતો, પરંતુ સુનિયોજિત આયોજન, વધારાની મેનપાવર અને આધુનિક મશીનરીના ઉપયોગથી માત્ર પાંચ મહિનામાં જ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

નવી ડ્રેનેજ લાઈનનું નિર્માણ વર્ષ 2055 સુધીની ડ્રેનેજ ક્ષમતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટથી એમરલ્ડ બિલ્ડિંગ, રેસકોર્સ ટાવર, નટુભાઈ સેન્ટર, પેરામાઉન્ટ હોસ્પિટલ, અરુણદીપ કોમ્પ્લેક્સ, અમી સોસાયટી, બકુલ સોસાયટી અને પશાભાઈ પાર્ક સહિતના વિસ્તારોને સીધો લાભ મળશે. અંદાજે 25 હજારથી વધુ નાગરિકોને ડ્રેનેજની સમસ્યામાંથી મુક્તિ મળશે. સાથે જ રસ્તા પર વારંવાર પડતા ભુવા, આકસ્મિક ભંગાણ અને તેના કારણે સર્જાતા ટ્રાફિક જામમાં પણ નોંધપાત્ર ઘટાડો થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

NEET-UG ૨૦૨૬માં વડોદરાનો ગૌરવ: આરવ શાહ શહેરમાં ટોપર

વડોદરાઃ આકાશ એજ્યુકેશનલ સર્વિસીસ લિમિટેડ (AESL)ના વિદ્યાર્થી આરવ શાહે NEET-UG 2026માં 720માંથી 685 ગુણ મેળવી ઓલ ઈન્ડિયા રેન્ક (AIR) 176 હાંસલ કરી વડોદરા શહેરમાં ટોપર બનવાનો ગૌરવ મેળવ્યો છે. સંસ્થાના જણાવ્યા મુજબ આરવની સફળતા સતત મહેનત, શિસ્તબદ્ધ તૈયારી અને નિષ્ણાત માર્ગદર્શનનું પરિણામ છે. NEET-UG 2026માં AESLએ દેશભરમાં પણ નોંધપાત્ર સફળતા મેળવી છે. સંસ્થાના ચાર વિદ્યાર્થીઓ ટોપ-10, 18 વિદ્યાર્થીઓ ટોપ-50 અને 41 વિદ્યાર્થીઓ ટોપ-100માં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. આરવે પોતાની સિદ્ધિનો શ્રેય માતા-પિતા અને શિક્ષકોને આપ્યો હતો. તેણે જણાવ્યું કે નિયમિત મોક ટેસ્ટ, શંકા નિવારણ સત્રો અને શિસ્તબદ્ધ અભ્યાસે સફળતા અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. AESLના ચીફ એકેડેમિક્સ એન્ડ બિઝનેસ હેડ ડૉ. એચ. આર. રાવે આરવને અભિનંદન પાઠવી તેને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ ગણાવ્યો.

આસ્થા અને પરંપરાનો ૮૧ વર્ષનો અવિરત વારસો

દિવ્યતા અને ભવ્યતા વચ્ચે BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર અટલાદરાનો ૮૧મો પાટોત્સવ ઉજવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

શહેર અને જિલ્લાના લાખો હરિભક્તોની આસ્થાનું કેન્દ્ર એવા BAPS શ્રી સ્વામિનારાયણ મંદિર, અટલાદરાનો 81મો પાટોત્સવ શુક્રવારે ભવ્યતા અને દિવ્યતા સાથે ઉજવાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહી વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લઈ ભગવાનના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

BAPS સંસ્થાના પ્રારંભિક સમયમાં નિર્માણ પામેલું આ ચોથું મંદિર આજે વિશ્વભરમાં 1,500થી વધુ મંદિરો ધરાવતી સંસ્થાના ગૌરવશાળી ઈતિહાસનું મહત્વપૂર્ણ પ્રતીક માનવામાં આવે છે. મંદિરના નિર્માણ દરમિયાન નવદીક્ષિત સંત તરીકે નારાયણસ્વરૂપદાસજી, એટલે કે વિશ્વવંદનીય પ્રમુખ સ્વામી મહારાજે કરેલી નિઃસ્વાર્થ સેવાઓ આજે પણ મંદિરના ઈતિહાસમાં અંકિત છે. છેલ્લા આઠ દાયકાથી વધુ સમયથી આ મંદિર ભક્તો માટે શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનું કેન્દ્ર રહ્યું છે. પાટોત્સવ નિમિત્તે BAPSના સદગુરુ સંત પૂજ્ય ઘનશ્યામચરણ સ્વામી તથા અન્ય સંતોના સાનિધ્યમાં ભગવાનની પ્રભુપ્રતિમાઓનો પંચદ્રવ્ય અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભગવાનને નૂતન વાઘા અર્પણ કરી વિશેષ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. અન્નકૂટ દર્શન બાદ હરિભક્તોએ વેદોક્ત મહાપૂજામાં ભાગ લીધો હતો. પછી યોજાયેલી સત્સંગ સભામાં પૂજ્ય ઘનશ્યામચરણ સ્વામીએ મંદિરના આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે મંદિર માત્ર પૂજાનું સ્થાન નહીં, પરંતુ સંસ્કાર, સેવા, સદાચાર અને આધ્યાત્મિક જીવનનું પ્રેરણાકેન્દ્ર છે. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું અને હરિભક્તોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

બરોડા ડિઝાઇન શોમાં ૫૦૦થી વધુ ડિઝાઇનર્સ, આર્ટિસ્ટ-આર્કિટેક્ટ્સ જોડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.17

જેડી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, વડોદરાએ પ્રતિષ્ઠિત JD ડિઝાઈન એવોર્ડ્સ 2026 અંતર્ગત પ્રથમ બરોડા ડિઝાઈન શો 2026નું સફળ આયોજન કર્યું. સર સયાજીરાવ નગર ગૃહ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં 500થી વધુ ડિઝાઈનર્સ, આર્ટિસ્ટ, આર્કિટેક્ટ્સ, ઉદ્યોગ નિષ્ણાતો અને ક્રિએટિવ પ્રોફેશનલ્સ જોડાયા હતા.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના આઠ ડિઝાઈન પ્રોજેક્ટ્સ, બે બ્રાન્ડ શોકેસ તેમજ ક્રાફ્ટ કાઉન્સિલ ઓફ ગુજરાતના સહયોગથી ત્રણ આર્ટિસન શોકેસ રજૂ કરાયા. પરંપરાગત હસ્તકલાને આધુનિક ડિઝાઈન સાથે જોડતા પ્રદર્શનોએ ઉપસ્થિતોનું ધ્યાન ખેંચ્યું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાથે જોડવાનો, નેટવર્કિંગની તક આપવાનો અને તેમની સર્જનાત્મકતાને વ્યાવસાયિક મંચ પૂરો પાડવાનો હતો.

ઈવેન્ટમાં JD ઈન્સ્ટિટ્યૂટના ટ્રસ્ટી યોગેશ દલાલ, ડિરેક્ટર ડૉ. પાયલ દલાલ અને રિનેશ દલાલ હાજર રહ્યા હતા. ગેસ્ટ ઓફ ઓનર માર્ક રોબિન્સન અને સબા ખાને વિદ્યાર્થીઓની કૃતિઓની પ્રશંસા કરી હતી. સેન્ટર ડિરેક્ટર શિવરાજ ગાયકવાડે જણાવ્યું કે આ પ્રકારના પ્લેટફોર્મ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધારવા અને તેમને ઈન્ડસ્ટ્રી માટે તૈયાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જ્યારે ડિરેક્ટર પ્રાજક્તા ભોગલેએ ડિઝાઈન ક્ષેત્રમાં ઈનોવેશન અને સહયોગને પ્રોત્સાહન આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપમાં વડોદરાનો દબદબો, ૭૦ મેડલ જીત્યા

24 સુવર્ણ, 23 રજત અને 23 કાંસ્ય સાથે શહેર-જિલ્લાના શૂટર્સનું શાનદાર પ્રદર્શન

દીપક હલવાઈની સતત 28મી સુવર્ણ સિદ્ધિ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

અમદાવાદ ખાતે તા. 1થી 9 જુલાઈ દરમિયાન યોજાયેલી 62મી ગુજરાત સ્ટેટ શૂટિંગ ચેમ્પિયનશિપ-2026 (રાઈફલ/પિસ્તોલ)માં વડોદરા શહેર અને જિલ્લાના શૂટર્સે ઉત્કૃષ્ટ દેખાવ કરીને કુલ 70 મેડલ પોતાના નામે કર્યા છે. શહેર-જિલ્લાના અંદાજે 130 શૂટર્સે વિવિધ ટીમ અને વ્યક્તિગત સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં વડોદરાએ 24 સુવર્ણ, 23 રજત અને 23 કાંસ્ય ચંદ્રક જીતી શાનદાર સફળતા મેળવી છે.

સ્પર્ધામાં ધીમાહી નાણાવટીએ 3 સુવર્ણ, 2 રજત અને 1 કાંસ્ય, રીચા ભટનાગરે 3 સુવર્ણ, અભિષેક ગોહિલે 2 સુવર્ણ, સોમ સાંગાણીએ 2 સુવર્ણ અને 1 રજત, જ્યારે ચિરાગ મકવાણાએ 2 સુવર્ણ અને 1 કાંસ્ય ચંદ્રક મેળવી નોંધપાત્ર પ્રદર્શન કર્યું હતું. આ ઉપરાંત વિરાજ ચૌહાણ, વિહાન પટેલ, સંગીતા સરકાર, તરુણસિંહ પરમાર, દેનિકા પંચાલ સહિત અનેક ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં મેડલ જીતી વડોદરાનું ગૌરવ વધાર્યું હતું.

સ્પર્ધાની વધુ એક વિશેષ સિદ્ધિ તરીકે બરોડા રાઈફલ ક્લબના માનદ મંત્રી **દીપક હલવાઈએ** 0.22 રાઈફલ 3-પી વ્યક્તિગત વિભાગમાં સતત **28મા વર્ષે સુવર્ણ ચંદ્રક** જીતી અનોખો રેકોર્ડ યથાવત રાખ્યો છે. વડોદરાના શૂટર્સની આ સિદ્ધિથી રમતગમત ક્ષેત્રે શહેરનું ગૌરવ વધુ વધ્યું છે.

ખિસકોલી સર્કલથી પાદરા રોડ સુધી ગેરકાયદે દબાણો દૂર કરાયા

મુખ્ય માર્ગો પર પાલિકાની સઘન કાર્યવાહી, ટ્રાફિકને સરળ બનાવવા પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૧૭

વડોદરા મહાનગરપાલિકાના દબાણ શાખા અને સિક્યુરિટી વિભાગે શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે વ્યાપક ઝુંબેશ હાથ ધરી હતી. ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને જાહેર માર્ગોને દબાણમુક્ત બનાવવાના હેતુથી હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં અનેક સ્થળોએ લારી-ગલ્લા અને અન્ય નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

પાલિકાની ટીમે ગરનાળા પોલીસ ચોકી, શુક્રવારી બજાર, ખિસકોલી સર્કલથી માંજલપુર, પ્રતાપનગર રેલવે સ્ટેશન તેમજ ભાયલી-બિલ રોડ સહિતના મુખ્ય માર્ગો પર સઘન પેટ્રોલિંગ કર્યું હતું. ઉપરાંત, મુખ્યમંત્રીના સરેરાશ રૂટ પર પણ વિશેષ દેખરેખ રાખી ગેરકાયદે દબાણો સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

ઝુંબેશ દરમિયાન વોર્ડ નં. 12માં ખિસકોલી સર્કલ પાસે માર્ગમાં અવરોધરૂપ બનેલા અંદાજે 15 લારી-ગલ્લાના પ્લાસ્ટિકના શેડ તાત્કાલિક દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ખિસકોલી સર્કલથી બીએપીએસ હોસ્પિટલ, સ્વામિનારાયણ મંદિર, અટલાદરા અને પાદરા રોડ સુધીના વિસ્તારમાં દબાણ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી, જેમાં એક ટ્રક ભરાય તેટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રતાપનગરથી ઓએનજીસી પવન સ્કૂલ, સરસ્વતી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, દરબાર ચોકડી અને માંજલપુર બ્રિજ સુધીના માર્ગ પર પણ પાલિકાએ કાર્યવાહી કરી હતી. લાંબા સમયથી દબાણોના કારણે ટ્રાફિકની સમસ્યાનો સામનો કરતા સ્થાનિકોએ પાલિકાની કામગીરીને આવકારી હતી અને નિયમિત આવી ઝુંબેશ ચલાવવાની માંગ પણ કરી હતી.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 અને 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (જિલ્લો), એમ.એચ. 400072

દાહોદ શાખાઃ સી.એસ. નં. 58, એસ.એફ. 2, નીલકંઠ એપાર્ટમેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોદી રોડ, દાહોદ 389151 (ગુજરાત)

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) હેઠળ.

નીચે સહી કરનાર સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત કાયદો) હેઠળ આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (એએચએફએલ)ના અધિકૃત અધિકારી છે. ઉક્ત કાયદાની કલમ 13(12) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ 13(2) હેઠળ નીચે દર્શાવેલા લોનધારકો (ઉક્ત લોનધારકકો)ને તેમની સંબંધિત માંગણી નોટિસોમાં દર્શાવેલી રકમ ચૂકવવા માટે ડિમાન્ડ નોટિસો પાઠવેલી છે જે નીચે પણ દર્શાવવામાં આવી છે. આ બાબતે, ઉક્ત લોનધારકોને આ નોટિસના પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર નીચે દર્શાવેલી રકમ, તેની સાથે ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં જણાવ્યા મુજબ નીચે દર્શાવેલી તારીખથી તે રકમની ચૂકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધીનું વધુ વ્યાજ જે લોન કરાર અને ઉક્ત લોનધારકો દ્વારા કરાયેલા અન્ય દસ્તાવેજો/લખાણો જો કોઈ હોય તો તે હેઠળ ચૂકવવાપાત્ર થાય છે, તે તમામ રકમ એએચએફએલ ને ચૂકવી દેવા માટે આથી ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય ચુકવણીની સુરક્ષા તરીકે, ઉક્ત લોનધારકકો દ્વારા નીચે દર્શાવેલી મિલકતો અનુક્રમે એએચએફએલ પાસે ગીરો રાખવામાં આવેલી છે.

ક્રમ	ઋણ લેનાર / સહ-ઋણ લેનાર અને જામીનદારનું નામ	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	ગીરો રાખેલી મિલકતની વિગત (સ્થાવર મિલકત)
1	(લોન કોડ નં. 38110000004 અને 38110000013 / દાહોદ શાખા) ફિરોઝખાન માજીદખાન પઠાણ (ઋણ લેનાર) આયેશાબીબી ફિરોજખાન પઠાણ (સહ-ઋણ લેનાર)	10-07-2026 ₹ 18,18,340/-	સ્થાવર મિલકતના તમામ ભાગ, મિલકત નં. 6 અને 7, પહેલો માળ, તાહા કોમ્પ્લેક્સ, જુમ્મા મસ્જિદ રોડ, દાહોદ 14, દોહાદ મહીસાગર, ગુજરાત - 389152. સીમાઓઃ પૂર્વ - રોડ, પશ્ચિમ - ઓ.ટી.એસ કોમન સીડી, ઉત્તર - 6 ફૂટ રોડ, દક્ષિણ - 2.5 ફૂટ ખુલ્લી જગ્યા
2	(લોન કોડ નં. 38110000096 / દાહોદ શાખા) દગલિયા વિજયભાઈ ચંદમલભાઈ (ઋણ લેનાર) સપના વિજય દગલિયા (સહ-લોનધારક)	10-07-2026 ₹ 14,67,679/-	સ્થાવર મિલકતના તામ ભાગ, જીએફ, એફએફ ઘર નં/ભાગ નં. 3 સાઈ મંદિર ફળિયું, સાઈ મંદિર, પ્લોટ નં. 11, 12, 13, ગામ - લીમડી, તાલુકો - ઝાલોદ, જિલ્લો - દોહાદ, ગુજરાત 389180. સીમાઓઃ પૂર્વ - રોડ, પશ્ચિમ - ભાગ નં. 4ની જમીન, ઉત્તર - ભાગ નં. 2ની જમીન, દક્ષિણ - આર.એસ નં. 480\પૈકી 3\ભાગ નં. 9ની જમીન

જો ઉક્ત લોનધારકો ઉપર જણાવ્યા મુજબ એએચએફએલ ને ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો એએચએફએલ ઉક્ત કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉક્ત ગીરો રાખેલી મિલકતો સામે કાર્યવાહી હાથ ધરશે, જેની સંપૂર્ણ જવાબદારી, ખર્ચ અને પરિણામો ઉક્ત લોનધારકોના શિરે રહેશે. ઉક્ત લોનધારકોને કાયદા હેઠળ એએચએફએલની પૂર્વ લેખિત મંજૂરી વિના ઉપરોક્ત મિલકતો વેચાણ, લીઝ અથવા અન્ય કોઈ પણ પ્રકારે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. કોઈ પણ વ્યક્તિ જે ઉક્ત કાયદા અથવા તે હેઠળ બનેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે અથવા ઉલ્લંઘનમાં મદદ કરશે, તે કાયદા હેઠળ નિર્ધારિત જેલની સજા અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 18-07-2026

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

ડૉ. ખુશ્બુ દવે લીગલ કન્સલ્ટન્ટ તરીકે નિમાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

વડોદરા શહેર જિલ્લા બ્રહ્મ સમાજના મહિલા પ્રમુખ એડવોકેટ વિભૂતિબેન પી. વ્યાસના પુત્રી ડૉ. ખુશ્બુ ગૌરવ દવેની ગુજરાત રાજ્ય લીગલ સર્વિસ ઓથોરિટી દ્વારા આગામી બે વર્ષ માટે લીગલ કન્સલ્ટન્ટ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ડૉ. ખુશ્બુ દવે છેલ્લા 12 વર્ષથી ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં વકીલાત ક્ષેત્રે સેવાઓ આપી રહ્યા છે. તેમની શૈક્ષણિક લાયકાત, બહોળા અનુભવ અને નિષ્ઠાપૂર્વકની કામગીરીને ધ્યાનમાં રાખી તેમને આ મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. તેમની આ સિદ્ધિથી બ્રહ્મ સમાજમાં આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત રાજ્ય બ્રહ્મ સમાજના પ્રમુખ શૈલેષ મહેતાએ ડૉ. ખુશ્બુ દવેને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

જુલાઈને 'ડેન્ગ્યુ વિરોધી માસ' જાહેર કરી શહેરભરમાં સઘન સર્વેલન્સ

ડેન્ગ્યુ સામે મનપાનું મેગા અભિયાન, ૨૩૮ મિલકતધારકોને નોટિસ: ૧૨૪૯ સ્થળે તપાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

વડોદરા મહાનગરપાલિકાએ શહેરમાં ડેન્ગ્યુના વધતા જોખમને ધ્યાનમાં રાખી જુલાઈ માસને 'ડેન્ગ્યુ વિરોધી માસ' તરીકે જાહેર કર્યો છે. પ્રી-મોન્સૂન કામગીરીના ભાગરૂપ